# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં આજના કારગિલ વિજય દિવસ નિમિત્તે શહીદ સૈનિકોને તેમના અભૂતપૂર્વ સાહસને યાદ કરીને શ્રધ્ધાંજલી અર્પી
2. પ્રધાનમંત્રીએ નૌકાદળમાં સામેલ કરાયેલા મહેન્દ્રગિરી જહાજનો ઉલ્લેખ કરીને સંરક્ષણ ક્ષેત્રમાં ભારત આત્મનિર્ભર બની રહ્યું હોવાનું કહ્યું; આંતરરાષ્ટ્રિય સ્તરે સ્પોર્ટસમા મહિલાઓના ઉત્તમ દેખાવની નોંધ લીધી
3. પ્રધાનમંત્રી આજે સાંજે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા વિકસિત વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામના સહભાગીઓ સાથે સંવાદ કરશે
4. આજે દેશભરમાં કારગિલ વિજય દિવસની ઉજવણી – શહીદોને શ્રદ્ધાંજલિના અનેક કાર્યક્રમો
5. ચીની વિમાનો પોતાની સરહદમાં દેખાઇ રહ્યા હોવાનો તાઇવાનનો આરોપ
6. ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે આજે હરારે ખાતે શ્રેણીની ત્રીજી ટી-20 મેચ

----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM MANN KI BAAT – 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કારગિલ વિજય દિવસ નિમિત્તે દેશના બહાદુર સૈનિકોને યાદ કર્યા, અને કહ્યું કે ભારત સતત નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે, પછી ભલે તે સંરક્ષણ ઉત્પાદન હોય, સંરક્ષણ નિકાસ હોય કે મિત્ર રાષ્ટ્રો સાથે રાજકીય સહયોગ હોય.

આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, 26 જુલાઈ એ એક એવી તારીખ છે જેને યાદ રાખવા માટે કેલેન્ડરની જરૂર નથી, કારણ કે આજે કારગિલ વિજય દિવસ ઉજવવામાં આવી રહ્યો છે.

## બાઇટ નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી -KARGIL DIWAS

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ વર્ષે એક ખાસ 'શૌર્ય વિજય યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે, જે 14 જુલાઈના રોજ દિલ્હીના રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકથી શરૂ થઈ હતી. આ મોટરસાયકલ રેલી દ્રાસમાં કારગિલ યુદ્ધ સ્મારક સુધી પહોંચશે. તેનો સંદેશ છે - "એક સવારી, એક રાષ્ટ્ર, એક સલામ." શ્રી મોદીએ કહ્યું કે આ યાત્રા દરેકને યાદ અપાવે છે કે રાષ્ટ્ર માટે આપેલા બલિદાનને ક્યારેય ભૂલી શકાય નહીં.

# PM MANN KI BAAT – 2

શ્રી મોદીએ કહ્યું કે, ભારત તેની તકનીકી ક્ષમતાઓને સતત મજબૂત બનાવી રહ્યું છે. તેમણે તાજેતરમાં ભારતીય નૌકાદળમાં INS મહેન્દ્રગિરીના સમાવેશ પર પ્રકાશ પાડ્યો.

## બાઇટ નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી - INS MAHENDRAGIRI

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ગયા રવિવારે 'વિક્રમ-1' ના સફળ પ્રક્ષેપણથી દરેક ભારતીય ગર્વથી ભરાઈ ગયો છે. તેમણે વિગતવાર જણાવ્યું કે, તે ખાનગી ક્ષેત્ર દ્વારા વિકસિત ભારતનું પ્રથમ રોકેટ છે. શ્રી મોદીએ યુવા સંશોધકોની નોંધપાત્ર કૌશલ્ય, જુસ્સો અને ધીરજ દર્શાવવા બદલ પ્રશંસા કરી.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી SPACE SECTOR

'કેચ ધ રેઈન' અભિયાન વિશે બોલતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, 4 જુલાઈથી એક ખાસ રાષ્ટ્રવ્યાપી અભિયાન ચાલી રહ્યું છે.

## બાઇટ- નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી  CATCH THE RAIN

# PM MANN KI BAAT – 3

પ્રધાનમંત્રીએ કહ્યું કે, દરેક ભારતીય થોડા દિવસો પહેલા ગ્લાસગોમાં શરૂ થયેલા કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લેનારા તમામ ખેલાડીઓ માટે ઉત્સાહ વ્યક્ત કરી રહ્યો છે. પ્રધાનમંત્રીએ ગર્વ વ્યક્ત કર્યો કે ભારતીય યુવાનોએ તાજેતરમાં રમતગમતમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે.

પીવી સિંધુ બેડમિન્ટનમાં જાપાન ઓપન ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય બની છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે લંડનના લોર્ડ્સ સ્ટેડિયમમાં પોતાનો પ્રથમ ટેસ્ટ મેચ પણ જીતી હતી. શ્રી મોદીએ તેને ઐતિહાસિક વિજય ગણાવ્યો. ભારતીય ટીમે આ મેચ 270 રનના મોટા અંતરથી જીતી હતી.

શ્રી મોદીએ ભાર મૂક્યો કે લોર્ડ્સના લાંબા ઇતિહાસમાં, આ મહિલા ટીમ દ્વારા રમાયેલ પ્રથમ ટેસ્ટ મેચ હતી. આ જ મેદાન પર ભારતે 1983માં પોતાનો પહેલો ક્રિકેટ વર્લ્ડ કપ જીત્યો હતો અને હવે, નારી-શક્તિએ ત્યાં દેશનું ગૌરવ વધાર્યું છે

પોતાના સંબોધનના સમાપન કરતાં, શ્રી મોદીએ સ્વતંત્રતા દિવસ વિશે વાત કરી જે 15 ઓગસ્ટે ઉજવવામાં આવશે. તેમણે બધાને 15 ઓગસ્ટ પહેલા તેમના અસંખ્ય વિચારો અને સૂચનો MyGov પર શેર કરવા વિનંતી કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM - VIKSIT VIBRANT VILLAGE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે સાડા ચાર વાગે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા વિકસિત વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-2026ના સહભાગીઓ સાથે વાર્તાલાપ કરશે. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરતા 400થી વધુ યુવાનો પ્રધાનમંત્રી સાથે સંવાદ કરશે.

વિકસિત વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-2026 ચાર જૂન થી 30 જૂન દરમિયાન બે તબક્કામાં હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના 74 વાઇબ્રન્ટ ગામોને આવરી લેવામાં આવ્યા હતા. કાર્યક્રમ માટે સહભાગીઓની પસંદગી રાષ્ટ્રવ્યાપી ઓનલાઈન ક્વિઝ સ્પર્ધા દ્વારા કરવામાં આવી હતી, જેમાં ત્રણ લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન સહભાગીઓએ સ્વચ્છતા અભિયાન, સરકારી યોજનાઓ વિશે જાગૃતિ અભિયાન, યુવા પરિષદો, સાંસ્કૃતિક આદાનપ્રદાન, વૃક્ષારોપણ અને મીની-મોડેલ પંચાયતો જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. તેઓએ સ્થાનિક કારીગરો સાથે વાર્તાલાપ કર્યો અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સંસ્થાઓની મુલાકાત લીધી.

આ પહેલથી યુવાનોને સરહદી વિસ્તારોની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ, સાંસ્કૃતિક વારસો અને વિકાસની સંભાવનાને સમજવાની તક મળી.

# KARGIL VIJAY DIWAS

આજે દેશભરમાં કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ પ્રસંગે, 1999 ના કારગિલ યુદ્ધમાં દેશની રક્ષા કરતી વખતે સર્વોચ્ચ બલિદાન આપનારા ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. આ દિવસ ઓપરેશન વિજયની સફળતા અને કારગિલ યુદ્ધમાં પાકિસ્તાન પર ભારતની ઐતિહાસિક જીતની ઉજવણી કરે છે.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ પ્રધાનમંત્રીએ 'કારગિલ વિજય દિવસ' પર, શહીદો અને સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પી.

કારગિલ વિજય દિવસ નિમિત્તે, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા,કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના રક્ષણ માટે સર્વોચ્ચ બલિદાન આપનારા તમામ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી.

# MEA ADVISORY

વિદેશ મંત્રાલયે આજે એક સલાહ જારી કરીને કાળા સમુદ્ર ક્ષેત્રમાં કાર્યરત અથવા ત્યાંથી પસાર થતા વાણિજ્યિક જહાજોમાં રોજગાર લેવા માંગતા ભારતીય નાગરિકોને આવા કાર્યો સ્વીકારતા પહેલા પ્રવર્તમાન સુરક્ષા જોખમોનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવા અપીલ કરી છે.

તેમાં જણાવાયું છે કે જે લોકો આવી નોકરી કરવાનું પસંદ કરે છે તેઓએ સાવધાની રાખવી જોઈએ. ચાલુ સંઘર્ષને કારણે કાળો સમુદ્ર અને તેની આસપાસના દરિયાઈ વિસ્તારોમાં સુરક્ષા પરિસ્થિતિ અત્યંત અસ્થિર રહે છે.

મંત્રાલયે ભારતીય નાગરિકોને જહાજના હેતુવાળા માર્ગ, કોલ બંદરો, સુરક્ષા વ્યવસ્થા, વીમા કવરેજ અને કટોકટી પ્રતિભાવ પ્રક્રિયાઓ અંગે નોકરીદાતાઓ અથવા ભરતી એજન્સીઓ અને જહાજ સંચાલકો પાસેથી વ્યાપક માહિતી મેળવવા વિનંતી કરી છે. તેમને ખાતરી કરવા માટે કહેવામાં આવ્યું છે કે રોજગારની શરતો લાગુ આંતરરાષ્ટ્રીય દરિયાઈ ધોરણોનું પાલન કરે છે અને કટોકટીની સ્થિતિમાં તબીબી સંભાળ, સ્થળાંતર, સ્વદેશ પરત ફરવા અને વળતર માટે પૂરતી જોગવાઈઓ પૂરી પાડે છે.

# PARLIAMENT – BILL

સરકાર આવતીકાલે લોકસભામાં જાહેર પરીક્ષા (અન્યાયી માધ્યમો નિવારણ) સુધારા વિધેયક 2026 રજૂ કરશે. આ વિધેયક સોમવારના લોકસભાની કાર્યસૂચિમાં છે.

કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ ગૃહમાં આ વિધેયક રજૂ કરશે. જેનો ઉદ્દેશ્ય જાહેર પરીક્ષા (અન્યાયી માધ્યમો નિવારણ) અધિનિયમ, 2024 માં સુધારો કરવાનો છે.

કેન્દ્રીય મંત્રીમંડળે ગત શુક્રવારે પ્રશ્નપત્ર લીક અને પરીક્ષામાં ગેરરીતિઓના કેસોની ઝડપી સુનાવણી માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરવા અને દોષિતોને સખત સજાની જોગવાઈ કરવા માટે એક મુસદ્દા વિધેયકને મંજૂરી આપી હતી.

# TAIWAN CHINA MILITARY

તાઇવાનના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, તેમણે આજે સવારે ટાપુની આસપાસ ચાર ચીની લશ્કરી વિમાન, સાત ચીની નૌકાદળના જહાજો અને ત્રણ જહાજો શોધી કાઢ્યા છે. સોશિયલ મીડિયા X પરની એક પોસ્ટમાં, મંત્રાલયે જણાવ્યું હતું કે, તાઇવાનના સશસ્ત્ર દળોએ પ્રવૃત્તિ પર નજર રાખી હતી અને તે મુજબ પ્રતિક્રિયા આપી હતી.

એક દિવસ પહેલા, તાઇવાનએ ઉચ્ચ સ્તરની લશ્કરી પ્રવૃત્તિની જાણ કરી હતી. મંત્રાલયે કહ્યું કે, તેમણે ટાપુની આસપાસ 29 ચીની લશ્કરી વિમાન, છ નૌકાદળના જહાજો અને પાંચ સત્તાવાર જહાજો શોધી કાઢ્યા હતા. તેમાં ઉમેર્યું કે, 17 વિમાનો તાઇવાન સ્ટ્રેટની મધ્ય રેખા પાર કરીને તાઇવાનના ઉત્તરીય, મધ્ય અને દક્ષિણપશ્ચિમ હવાઈ સંરક્ષણ ઓળખ ક્ષેત્રમાં પ્રવેશ્યા હતા. શુક્રવારે, તાઇવાનએ તેના પ્રદેશની નજીક સમાન પ્રવૃત્તિઓની જાણ કરી હતી.

# CRICKET

ક્રિકેટમાં, ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ત્રણ મેચની શ્રેણીની ત્રીજી અને અંતિમ T20 મેચ આજે હરારેમાં રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાડા ચાર વાગ્યે શરૂ થશે. ભારત હાલ શ્રેણીમાં 2-0થી અજેય લીડ મેળવી છે.

દરમિયાન ગઇકાલે બીજા T20 મેચમાં ભારતે યજમાન ઝિમ્બાબ્વેને 90 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતાં ભારતે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 219 રન બનાવ્યા. જવાબમાં ઝિમ્બાબ્વે 18મી ઓવરમાં ફક્ત 129 રનમાં જ ઓલઆઉટ થયું.

# JK AMARNATH YATRA

ભૂસ્ખલન બાદ જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહનવ્યવહાર પુનઃસ્થાપિત થતાં આજે વહેલી સવારે જમ્મુ બેઝ કેમ્પથી બાલતાલ બેઝ કેમ્પ માટે ચાર હજાર 474 યાત્રાળુઓનો એક સમૂહ અમરનાથ યાત્રા માટે રવાના થયો.

ત્રીજી જુલાઈથી યાત્રા શરૂ થઈ ત્યારથી, ચાર લાખથી વધુ યાત્રાળુઓએ અમરનાથ બાબાના દર્શન કર્યા છે.